દિવ્ય ભાસ્કર ફ્રંટ પેજ

તારીખ :- ૨૨/૦૪/૨૦૨૬

**સિટી એન્કર** શહેરની લાઇફલાઇન બની રહેલી મેટ્રોમાં 2024-25માં 4.01 કરોડે મુસાફરી કરી હતી

# મેટ્રોમાં છેલ્લા 12 મહિનામાં 5 કરોડે મુસાફરી કરી, ગત વર્ષ કરતાં 27 ટકા વધ્યા, વસ્ત્રાલ-થલતેજ રૂટ પર જ 70 ટકા મુસાફરો નોંધાયા

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

મેટ્રો હવે શહેરની લાઈફલાઈન બની રહી છે. છેલ્લા ત્રણ વર્ષના આંકડાકીય વિશ્લેષણ મુજબ, મેટ્રોમાં મુસાફરી કરતા લોકોની સંખ્યામાં તોતિંગ વધારો થયો છે.

નાણાકીય વર્ષ 2025-26માં મેટ્રોના મુસાફરોનો કુલ આંકડો 5.10 કરોડને પાર કરી ગયો છે, જે ગત વર્ષની સરખામણીએ નોંધપાત્ર ઉછાળો દર્શાવે છે. ખાસ કરીને ઈસ્ટ-વેસ્ટ કોરિડોર (વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ) માં મુસાફરોની સંખ્યા સૌથી વધુ નોંધાઈ છે. જ્યાં મેટ્રોના કુલ પેસેન્જરોના 70 ટકા પેસેન્જરો નોંધાયા છે. વર્ષ 2023-24માં કુલ મુસાફરો 2.93 કરોડ હતા, જે 2024-25માં વધીને 4.01 કરોડ અને હવે 2025-26માં 5.10 કરોડને વટાવી ગયા છે. આ વર્ષે જાન્યુઆરીમાં સૌથી વધુ 47.70 લાખ લોકોએ મુસાફરી કરી હતી.

## જાન્યુઆરીમાં સૌથી વધુ 47 લાખ મુસાફરો

| મહિનો | 2023-24 | 2024-25 | 2025-26 |
|---|---|---|---|
| જુલાઈ | 23.09 | 32.16 | 44.04 લાખ |
| ઓગસ્ટ | 24.98 | 31.76 | 43.80 લાખ |
| સપ્ટેમ્બર | 25.03 | 35.88 | 44.84 લાખ |
| ઓક્ટોબર | 27.41 | 35.04 | 38.20 લાખ |
| નવેમ્બર | 24.61 | 31.14 | 41.42 લાખ |
| ડિસેમ્બર | 26.29 | 35.89 | 45.98 લાખ |
| જાન્યુઆરી | 27.15 | 41.21 | 47.70 લાખ |
| ફેબ્રુઆરી | 25.38 | 34.48 | 45.31 લાખ |
| માર્ચ | 26.99 | 36.30 | 44.28 લાખ |

## ગિફ્ટ સિટીની અંદર અને એરપોર્ટ મેટ્રો રૂટ પર જિયોલોજિકલ ટેસ્ટ શરૂ

કેન્દ્ર સરકારે ગિફ્ટ સિટીની અંદર 3 કિલોમીટરના નવા મેટ્રો રૂટને મંજૂરી આપી દીધી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા સિવિલ વર્ક માટે એજન્સી નક્કી કરવાની પ્રક્રિયા ઝડપી કરાઈ છે, જે આગામી 3થી 4 મહિનામાં ગ્રાઉન્ડ લેવલ પર શરૂ થઈ જશે. ઉપરાંત કોટેશ્વરથી એરપોર્ટ સુધીના મેટ્રો રૂટ માટે પણ હાલમાં જિયોલોજિકલ ટેસ્ટની પ્રક્રિયા ચાલી રહી છે.